# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૯૬ • તા.૧૦ ફેબ્રુઆરી થી ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૪

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.



## શ્રી ક.દ.ઓ. જૈન મુંબઈ મિડ ટાઉન સંઘ દ્વારા

# ટ્રેડ ફેરનું ભવ્ય આયોજન કરાયું

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555


www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


# અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

## આદર્શવાદી કરતાં વ્યવહારુ બનવું સારું

જિંદગીના વ્યવહારનો આ એક સરળ નિયમ છે કે જે સીધા સરળ અને સાદી પ્રકૃતિના હોય તેને કાપવા, તેને કદ મુજબ વેતરી નાખવા સૌ તત્પર હોય છે. આ દુનિયા સાવ સરળ અને સીધા એવા જણની જિંદગી બહુ સરળ અને સીધી રહેવા દેતી નથી. જંગલના વૃક્ષોને કાપતા કઠિયારો વાંકા ચૂંકા, આડા અવળા વૃક્ષોને હાથ નથી લગાડતો પણ સીધા, અડગ ઊભા અને અડીખમ રહેતા ઝાડને વીણી વીણીને કાપે છે. આડો અવળો આકાર ધરાવતા ઝાડને કાપવાનું કઠિયારો પણ વિચારતો નથી. જંગલનો આ કાનૂન કે ધારો છૂપી રીતે અહીં પણ જાણે લાગુ પડે છે. જે વૃક્ષ વાંકા, કાંટાવાળા, ગાંઠવાળા અને આડા અવળા ફેલાયલા હોય એ કુહાડીના મારથી બચી જાય છે.

એટલે સરળ હોવું, સાચા અને સીધા સપાટ હોવું જાણે આ સમયનો મોટો ગુનો છે. વધુ પડતાં સીધા સરળ માણસની હાલત આજે લોકો કપરી કરી નાંખે છે. એટલે સ્વભાવથી અળવીતરા બોલચાલથી કટુવાણી ધરાવતા અને સામૂહિક કાર્યમાં અસહકાર્ય કરનારાઓ જાણે ઝાડી ઝાંખરા પોતાની આસપાસ ઊભા કરી દે છે જેને લીધે કોઈ અડી શકતું નથી કે તેનાથી સૌ દૂર રહે છે. સરળ વ્યક્તિ જરા ઓછા સરળ બને, થોડા વ્યવહારું બને અને પોતાના ચશ્માથી નહી અન્યના ચશ્માથી જગતના વ્યવહાર દર્શનને નિહાળે, થોડા ગણતરી બાજ બને. કારણ કે જગતમાં રહેવું છે તો થોડુંક તેના જેવું બનવું જોઈએ. સ્વનું અસ્તિત્વ જાળવવા માટે દુનિયાની પ્રચલિત રીત અપનાવી પડે, ઉપયોગ થતા કાવાદાવાને સમજવા જોઈએ. આપણી સામે થતા કારસાને સમજવાને શીખવા પડે. દરેક લડાઈ કંઈ કશું મેળવવા માટેની નથી હોતી. એ કોકના અસ્તિત્વને બચાવવા માટેની હોય છે. ટકી રહેવા ખમીર સાથે મરું કાં મારું ની ધ્યેયથી લડાઈ લડવી પડે છે.

જગતમાં ઉપયોગી થનાર સીધા હોય છે. સાચું કહીએ તો જે સરળ હોય છે તેનો લોકો ઉપયોગ કરી લે છે. પણ સરળ સ્વભાવના વ્યક્તિને આની જાણ પણ થતી નથી કે તેનો ઉપયોગ લોકો કરી રહ્યાં છે. આ અજાણતા તેમના સ્વભાવની, સરળતાની છે. જે માનવીઓ અકોણા, અળવીતરા હોય જે પોતાને પણ કામમાં નથી આવતા તે પારકાને શું ઉપયોગી થવાના? જીવનનું આદર્શ વ્યવહારું થવામાં છે. જેઓ પોતાના આદર્શને ત્યજી દેતા નથી, ખોટા ખરાબ કામ કરતાં નથી, અન્ય ને દુઃખ દર્દ આપવા માટે તેમનું જિગર ચાલતું નથી. તેઓ પોતાની જગા આપોઆપ મેળવી લે છે અથવા તો ભીડ પોતાની રીતે તેમને રસ્તો આપી દે છે. કારણ કે અન્યથી નોખા પડનારા લોકો અનોખા રહેવાના જ.

બહુધા લોકો ભૌતિકવાદી હોય ત્યારે એમાં પોતાનું સ્થાન બનાવવા, અડગતાથી ઊભા રહેવા માટે તકલીફ પડવાની પણ જેમ કાદવમાં કમળ પોતાની જગ્યા બનાવી જ લે છે તે છતાં કાદવની ગંદકીથી લિપ્ત થતું નથી. આવા આદર્શવાદી વ્યક્તિઓ ખોટા કામ કરતાં નથી. ખોટી રીત આચરણ કરતાં નથી તે છતાં પોતાનું અસ્તિત્વ ટકાવી શકે છે. પોતાની અલગ ઓળખ, અલગ પ્રતિભા બતાવી શકે છે. જીવન આદર્શો પ્રમાણે જીવવાં કરતાં વ્યવહારુ થઈને જીવવું વધુ સારું છે. આદર્શોને માપદંડ તરીકે અપનાવવું માર્ગ તરીકે નહીં. તો જ એ વ્યવહારુ રસ્તો આપણા માટે થઈ શકે.

– જય જ્ઞાતિમૈયા

# દંભ અને દેખાડાની દુનિયા

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

આજે દુનિયામાં કોઈને પદનું, કોઈને પ્રતિષ્ઠાનું, કોઈને ધનનું, કોઈને તનનું તો કોઈને મોભા મરતબાનું અભિમાન છે. ગર્વમાં ઉન્નત મસ્તકે ચાલનારો મદમસ્તીમાં વિચરે છે. અભિમાન જેને છે તે તેને સુખેથી રહેવા દેતું નથી. પોતે બીજા કરતાં વધુ સમજદાર, સુખી અને સંતોષી છે. એવો ગર્વ તેને સદાય રહેતો હોય છે. ગુમાનીમાં રહેતા અને વધુ પડતા દેખાડાની ભાવનાની આડમાં એવો અંજપો અને વ્યથા હોય છે. માણસ પોતે જે કાંઈ છે તેના કરતાં પોતે વિશેષ છે એવો દેખાડો કરવો તેને ગમે છે. સ્વભાવિક વર્તન કરવું તેને સદતું નથી. લોકોમાં પ્રચલિત ઉક્તિ છે. ખાલી ચણો વાગે ઘણો 'અધૂરો ઘડો છલકે ઘણો'. આમ હોય તેનાથી વધુ દેખાડવું એ માણસ માત્રનો સ્વભાવ છે. દંભ અને દેખાડો કરવો સ્વભાવિક વર્તન નથી. પણ માનવી માત્ર સ્વભાવ, વિચારને વશ થઈ દંભી આચરણ કરતો રહે છે.

માણસ પોતાના મોભા અને કીર્તિનું રક્ષણ કરવા હમેંશા પ્રયત્નશીલ રહે છે અને એમાં ક્યાંય આંચકો લાગે, કોઈ ફાચર મારે તો તેનો મન ઘવાય છે, દિલ દુભાય છે. માણસની વાહવાહ થતી હોય, પ્રશંસાના પુષ્પો વેરાતાં હોય ત્યારે માણસ ઊપડ્યો નથી ઊપડતો. ત્યારે એ ખ્યાલ નથી કરતો કે આત્મનિરીક્ષણ નથી કરતો કે આ બધુ શાના માટે છે? આ તામજામ, ક્યા કારણોસર છે? પરપોટા જેમ ફૂલી ગયેલા આ પ્રસંગનું આયુષ્ય કેટલું છે એનો ખ્યાલ પણ તે કરતો નથી. ચડતીનો સમય હોય ત્યારે માણસે નમ્ર રહેવું જોઈએ, અભિમાન રાખવું ન જોઈએ.

લોકો નમસ્કાર કરે છે, તેની વાહવાહ પોકારે છે, આગળ પાછળ રહે છે એ પાછળ શું પ્રયોજન છે? આ બધી વાહ વાહ, અતિપ્રશંસા, સન્માન, શાના કારણે છે? શું સત્કાર્યો, ગુણો માટે છે કે તેની કાર્યશક્તિ માટે છે. આ બધી ધમાલ, પદ પ્રતિષ્ઠા અને પોતાની પાસેલ રહેલ ધન દોલત સતાને સંપત્તિ માટે છે એ બારીક નજરથી જોવું જોઈએ. લાયકાત કરતાં વધુ મળતું માન સારું નથી. સારો સમય ફરે છે ત્યારે બધું બદલાઈ જાય છે. આ બધું રહેતું નથી ત્યારે લોકો પણ ઠીક નજીકના સગા સ્વજનો પણ મોઢું ફેરવી લેતાં વાર કરતાં નથી. આ ખરી અને હકીકતથી ભરી વાત સમજાય તો જીવન સરળ બની જાય.

લોકોની પ્રશંસા અને લોકોની પ્રીતિ બહુ ચંચળ હોય છે. એમાં મોટે ભાગે બનાવટ હોય છે. એકબીજાને સારું લગાડવા આવા પ્રકારના વ્યવહાર થતાં હોય છે. આ પ્રકારના વ્યવહારથી ફૂલાઈને ફાળકો ન બનવું કે ગર્વ ન અનુભવવું. કોઈપણ ચીજ કાયમી નથી. જ્યાં સુધી સુખ ભરી લાગણી મળતી હોય તેનો આનંદ માણો. આવા સુખને છાતીએ લગાડી ફરશો તો પસ્તાવાનો વારો આવશે.

સ્પર્ધાના આ જમાનામાં સૌ આંધળી દોડ લગાવી દોડયે જાય છે. સૌને એક બીજાથી આગળ નીકળી જવું છે. સ્પર્ધાત્મક માહોલને કારણે અંજાપો અને અશાંતિ ઉદ્ભવે છે. ઉપર છલ્લી રીતે ભલે આપણે સુખી, નિર્ભય અને કોઈપણ જાતના ભય વિનાના છીએ એવું દેખાડીએ છીએ. પરંતુ મનના અંદરના ખૂણામાં નકામા દુઃખો, દોષો ભરેલા છે તેના ઉપર વિજય મેળવવું સરળ નથી. કે તેને કાબૂમાં રાખવું પણ આસાન નથી.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

1st February - 30th June 2024

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

*7.49%
(p.a.)

GOLD LOAN

COMMERCIAL VEHICLE LOAN

EDUCATION LOAN

LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | | |
|---|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 | |
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

Toll Free : 1800 221 984

Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank


KDO

# શ્રી ક.દ.ઓ.જૈન મુંબઈ મિડ ટાઉન સંઘ દ્વારા ટ્રેડ ફેરનું ભવ્ય આયોજન કરાયું




તા.૧૦ ફેબ્રુઆરી શનિવાર દિને માટુંગા સે.રે. સ્થિત નારાણજી શામજી વાડીમાં શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મુંબઈ મિડ ટાઉન સંઘ દ્વારા સવારે ૯.૩૦થી રાતે ૯ દરમિયાન ટ્રેડફેરનું ભવ્ય આયોજન કરાયું. નાના મોટા ગૃહ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા તથા જાત મહેનતથી બનાવેલી હાથ ભરતની તેમજ અફલાતૂન લખનવી સાડીઓ બટવા, જેકેટ, કુર્તી, સરારા, દુપટ્ટા, ફેન્સી ફૂટવેર, ચાદરો, બ્લેન્કેટ, અવનવી ડિઝાઈનની બાસ્કેટો, કાષ્ટના વાસણો, નેનો નાઈન કુંના સ્ટીલ થર્મલ વાસણો, કલાત્મક ચીજો, થેલો, ૧૪ તેમજ ૧૮ કેરેટના સોનાના આભૂષણોની આઈટમો, મોતીના પોકેટ ફ્રેન્ડલી આભૂષણો, કચ્છ, રાજસ્થાનની ભાતીગળ વિવિધ આઈટમો આપણી દશાઈ બહેનોના કુશળ હાથોથી બનાવેલ ટેસ્ટી મીઠાઈઓ, ફરસાણ, અથાણા, મસાલાઓ, ચ્યવનપ્રાશ, કેક ઈત્યાદી ઘણું બધું એકજ છત નીચે જોવા, ખરીદવા અને માણવા માટે બહોળી સંખ્યામાં જ્ઞાતિના તેમજ અન્ય સૌ લોકો પધાર્યા હતા અને આયોજનને સફળ પ્રતિસાદ આપી. ૪૦ જેટલા સ્ટોલ ધારકોને પ્રોત્સાહક ટેકો આપ્યો હતો. લાઈવ નાસ્તામાં બટેટા વડા, દહીં વડા, ઢોકળા, ભડંગ ભેળ, ઊંધિયું-પૂરી, ચા-કોફીનો લુત્ફ ટ્રેડફેરના મુલાકાતીઓએ માણ્યો હતો.

ટ્રેડ ફેરનું ઉદ્‌ઘાટન અશોક ઝવેરી, ચિમનલાલ મોતા, નલિન અજાણી, ઉત્તમ લોડાયા, સંઘ માતા સરલાબેન શાહ, મીરાબેન ધરમશી, દીપક ડાઘા, ખમાબેન નાગડા, હીરાચંદ દંડ, મોહનલાલ શાહ વિગેરેની ઉપસ્થિતિમાં થયું.

દીપ પ્રાગટ્ય હીરાચંદ દંડ, વસંત વિકમશી, પૂર્વ કોર્પોરેટર નેહલબેન શાહ, મોહનલાલ શાહ, નલિન અજાણીએ કર્યું હતું.

અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલ અને જ્ઞાતિની વિવિધ સંસ્થાઓ સાથે સંકળાયેલા હીરાચંદભાઈ દામજી મંજલવાળાનું સન્માન કરાયું હતું. મિડટાઉન સંઘના પદાધિકારીઓ ઉપરાંત શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘના પદાધિકારીઓ ઉપસ્થિત રહી આયોજનને બિરદાવ્યું હતું.

મિડટાઉન સંઘના પદાધિકારીઓ ખમાબેન નાગડા, મીરાબેન ધરમશી, અશોકભાઈ ઝવેરી, વસંતભાઈ વિકમશી તથા પૂર્વ નગરસેવિકા નેહલબેન શાહ ઈત્યાદીએ આયોજન માટે સારી જહેમત ઉઠાવી હતી.




# જખૌ સંઘ નગરે રત્નટુંક દેરાસરજી શ્રી શતકોત્તર અમૃત મહોત્સવ રંગ આનંદ સાથે સંપન્ન

સંવત ૨૦૮૦ કારતક સુદ ૧૨, શનિવાર તા. ૨૩-૧૨-૨૦૨૩ થી માગસર વદ ૧૪, સોમવાર તા. ૨૫-૧૨-૨૦૨૩ સુધી શ્રી જખૌ સંઘ નગરે રત્નટુંક દેરાસરજી શતકોત્તર અમૃત મહોત્સવનો અહેવાલ આપની સમક્ષ પ્રસ્તુત કરતાં હર્ષ અનુભવીએ છીએ. આ મહોત્સવમાં લગભગ ૧૦૦૦ થી પણ વધુ ગામવાસીઓ દેશ-વિદેશ અમેરીકા, દુબઈ, કેનડા, યુકે વસતા જખૌવાસીઓએ પધારીને મહોત્સવને ચાર ચાંદ લગાડયા હતા.

આ જાજરમાન મહોત્સવમાં જખૌ રત્ન પ.પૂ. આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. આદિઠાણા જખૌ સંઘમાં પરમ ઉપકારી એવા પ.પૂ. સાધ્વીશ્રી મહોદયશ્રીજી મ.સા. તથા ૨૫ જણના સાંગાણે આદિઠાણા નિશ્રા આપી જખૌ વાસીઓને ઉત્સવમાં આનંદનો ઉમેરો કર્યો હતો.

વિ.સં. ૨૦૮૦ માગસર સુદ ૧૧ શુક્રવાર તા. ૨૧-૧૨-૨૦૨૩ ના માંડવા રોપણ, મહેંદી રસમમાં દરેકને સુંદર મહેંદી લગાડીને ખુશ કરી દીધા હતા.

બપોરના લગભગ ૩.૦૦ કલાકે ના શ્રી પ.પૂ. આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. આદિઠાણાનું વાજતે ગાજતે માનવ મહેરામણ સાથે સામૈયું કરવામાં આવ્યું અને ત્યાર બાદ પૂજ્યશ્રીના આર્શીવચન અને વ્યાખ્યાનનું કાર્યક્રમ થયું. ચોવિહાર બાદ રંગમંડપમાં રાત્રે દાંડીયા રાસ અને રાસ ગરબા-ઢોલ અને શરણાઈના સુરે દરેક જખૌવાસીઓએ આનંદ માણ્યો.

**પ્રથમ દિવસ વિ.સ. ૨૦૮૦ માગસર સુદ ૧૨ શનિવાર તા. ૨૩-૧૨-૨૦૨૩ ના શ્રી નરેન્દ્રભાઈ નંદુ અને મેઘકુમારની ટીમના સથવારે દરેક ધાર્મિક કાર્ય, પૂજન વિધિ સંપન્ન કરવામાં આવેલ**

૧) શ્રી કુંભ સ્થાપના : લાભાર્થી માતુશ્રી રંજનબેન પ્રફુલ શિયાલ તથા અ.સૌ. લિનાબેન હંસકુમાર શિયાલ પરિવારે લાભ લીધેલ.

૨) શ્રી અખંડ દિપક : માતુશ્રી જયાબેન ગોવિંદજી મૈશેરી પરિવારે શ્રી અખંડ દિપકની જ્યોત પ્રગટાવી.

૩) શ્રી જવારા રોપાણ : અ.સૌ. ચેતના દીપક મૈશેરી, અ.સૌ. રેવતી અજય શિયાલ, અ.સૌ. માલતી હરીશ ધરમશી, કુ. લુબ્ધની વિપુલ લોડાયા પરિવારે શ્રી જ્વારા રોપાણ ની સ્થાપના કરી.

૪) નવગ્રહ પાટલા પૂજન : માતુશ્રી દિવ્યાબેન દામજી લોડાયા તથા માતુશ્રી પુષ્પાબેન પદમશી મોમાયા પરિવારે નવગ્રહ પાટલા પૂજન કર્યું હતું.

૫) શ્રી દશ દિકપ દિકપાલ પાટલા પૂજન : માતુશ્રી જયવંતીબેન કાંતીલાલ નાગડા પ.પૂ. સા. શ્રી વંદનગુણાશ્રીજી મ.સા. ની પ્રેરણાથી શ્રી દશ દિકપાલ પાટલા પૂજન પરિવારે કરેલ.

૬) શ્રી અષ્ટ મંગલ પાટલા પૂજન : માતુશ્રી લીલાવંતીબેન ઉમરશી ભારાણી તથા માતુશ્રી પુરબાઈ કાનજી ધરમશી પરિવારે શ્રી અષ્ટ મંગલ પાટલા પૂજન કરેલ.

ત્યાર બાદ નવી ભોજન શાળાનું લોકાર્પણ બપોરના ૩.૦૦ કલાકે વાજતે ગાજતે ગુરૂ ભગવંતોના આશીર્વાદથી દરેક દાતા પરિવારે પોતાની તક્તિનું લોકાર્પણ કરેલ.

રાત્રે રંગ મંડપમાં મહાકાલી માતાજીની ભાવના' કચ્છના પ્રખ્યાત સંગીતકાર શ્રી કિશોર સાંગાર અને સાથી કલાકાર દ્વારા ભણાવવામાં આવી હતી. તેમાં દરેક જખૌવાસીઓ તરબોળ થઇને સુંદર રીતે ભાગ લીધો હતો. સાથે ગરબા તેમજ દાંડિયા રાસ પણ માણેલ.

અબડાસાનાં વિધાન સભ્ય શ્રી પદ્મુસિંગ એમ.જાડેજા એ હાજરી આપી પ્રસંગની શોભા વધારેલ. ગુજરાતના સી.એમ. શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે પત્ર લખીને શુભેચ્છા પાઠવેલ. સમસ્ત મહાજન વતી શ્રી પ્રવીણભાઈ લોડાયા, મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી નયનભાઈ ભેદા, નલિયા મહાજનના પ્રમુખશ્રી મુલચંદભાઈ મોતા, તેમજ અમદાવાદ મહાજનના પ્રમુખશ્રી જીતેન્દ્રભાઈ ખોના એ હાજરી આપેલ. રાપર ગઢવારીના શ્રી હીતેશભાઈ માણેકજી મોતા તથા શ્રી કલ્પેશભાઈ મોતા એ હાજરી આપેલ. સિંધોડીના પ્રમુખ શ્રીમતી હર્ષાબેન શાહ તથા શ્રી મુકેશભાઈ લોડાયા સાથે સંપુર્ણ ટીમે હાજરી આપેલ. તેરાનાં શ્રી કુમારભાઈ દંડ, શ્રી નરેન્દ્રભાઈ દંડ તેમજ અન્ય મહાનુભાવોએ પધારીને શોભામાં અભિવૃધ્ધી કરેલ.

## જખૌ સંઘ નગરે રત્નટુંક દેરાસરજી શ્રી શતકોત્તર અમૃત મહોત્સવ રંગ આનંદ સાથે સંપન્ન

દુબઈથી શ્રી નરેન્દ્રભાઈ જૈન, અમેરીકાથી ડો. ધીરેન લાલજી શિયાલ સહપરિવાર, કેનેડા થી સુમિત હરીશ ધરમશી સહપરિવાર, યુકે થી પારસ જયંતીલાલ મૈશેરી પધારેલ.

**દ્વિતીય દિવસ વિ.સં. ૨૦૮૦ માગસર સુદ ૧૩, રવિવાર તા. ૨૪-૧૨-૨૦૨૩ સવારના ૯.૦૦ કલાકે ઢોલ-શરણાઈ - પ્રખ્યાત બેન્ડ સાથે ૪ બગી, ૨ જીપ, ઘોડા, લહેરાતા જૈન ધર્મની ધ્વજા સુંદર વેશભુષાથી સજ માનવ મહેરામણ, સાધુ ભગવંત, સાધ્વીશ્રી આદિઠાણા અને દિક્ષાર્થી શ્રી રાજેશભાઈ મોમાયાનું વર્ષીદાન સહીત વરઘોડામાં રાસ-ગરબા, પખાવાજ સહીત વરઘોડાની શોભામાં મંત્ર મુગ્ધ કરી દીધેલ**

શ્રી નરેન્દ્રભાઈ નંદુ ની ટીમના સથવારે બપોરના ૧.૦૦ કલાકે અઢાર અભિષેક રંગમંડપમાં બધા માટે તેમજ દેરાસરમાં દરેક લાભાર્થી પરિવારએ લાભ લીધેલ.

અઢાર અભિષેક પછી મહારાજ સાહેબે સુંદર વ્યાખ્યાન આપી જખૌ નગરની ગરીમા તેમજ જખૌ નગરની વિશેષ વાતો કરી બધાને ભાવ વિભોર કરી દીધા હતા.

‘કુમારપાળ મહારાજાની આરતી’ નો લાભ લીધેલ પરિવાર શ્રી હંસકુમારભાઈ શામજી શિયાલ ને કુમારપાળના સુંદર પોષાકમાં તેમજ તેમના પત્નિ શ્રીમતી લિનાબેન હંસકુમાર શિયાલ પરિવારને તેમના નિવાસ સ્થાને થી વાજતે ગાજતે તેમને માન ભેર પ્રભુજીની આરતી કરવા લઈ આવ્યા હતા. આરતીમાં સર્વે જખૌવાસીઓ ભાગ લીધો હતો. આરતી બાદ રંગમંડપમાં નિયાણી બહેન ધારિણી મોતાએ રમત ગમત રમાડીને સૌને આનંદ કરાવેલ. સાથે સાથે મળેલ ટાઇમમાં દાતા પરિવારનું બહુમાન કરવામાં આવ્યું હતું. ગાંધીધામના બહેનોએ સુંદર નૃત્યનાટિકા પ્રસ્તુત કરેલ.

**તૃતીય દિવસ વિ.સં. ૨૦૮૦ માગસર સુદ ૧૪, સોમવાર તા. ૨૫-૧૨-૨૦૨૩ શ્રી નરેન્દ્રભાઈ નંદુ ના ટીમના સથવારે સત્તરભેદી પુજા ભણાવાઈ. બપોરના ૧૨.૩૯ કલાકે ના વિજય મુહુર્તે ધ્વજા રોહણ મંત્રોના ઉચ્ચાર સાથે વાજતે ગાજતે થયેલ. જેમાં દરેક ધ્વજામાં લાભાર્થી પરિવારે ભાગ લઈ ઉત્સાહને બહોળો પ્રતિસાદ આપેલ**

દરેક સ્થાનિકવાસી દરેક કાર્યમાં સપોટ આપી કાર્યક્રમની સુંદર રીતે વ્યવસ્થા જાળવી હતી અને કાર્યને સફળ બનાવેલ. શ્રી લઘુ શાંતિ પુજન ૨૬ ગાથાનું પ્રિયાંશ ઉવર્શીબેન હિરલકુમાર કેનીયા અને ભાગ્યલક્ષ્મીબેન નિતીન કાંતીલાલ નાગડા, (પ.પૂ. સાધ્વીશ્રી વંદનગુણાશ્રીજી મ.સા. ની પ્રેરણા) દાતા પરિવારે કરેલ.

તા.૨૬ના પ્રાતઃ દ્વાર ઉદ્દ્ઘાટન થયેલ. રાત્રે સંગીત સંધ્યા દરમ્યાન જખૌ ગામનો ઇતિહાસ વીડીયો ક્લીપ દ્વારા બતાવવામાં આવ્યું હતું.

શતકોત્તર મહોત્સવમાં ખાસ એટ્રેક્શન ‘હોલ ઓફ ફ્રેમ’ સુંદર પ્રદર્શન ગોઠવીને દરેક જખૌવાળાઓના દિલ જીતી લીધા હતા અને આગળના જમાનામાં વપરાતી જુની વસ્તુઓની જાણકારી આપેલ. અને દરેક સેલ્ફી પોઇન્ટ તરીકે પણ ફોટાગ્રાફી, વિડીયોગ્રાફી કરેલ.

મહોત્સવમાં આવનાર દરેકને દાતા પરિવાર તેમજ જખૌ મહાજનના સહાયથી વ્યક્તિ દીઠ એક સુંદર કીટ આપવામાં આવેલ.

જખૌ મહાજન તરફથી સુંદર મજાનું પ્રતિક રૂપે એક સાઇડ શ્રી મહાવીર સ્વામીજી અને બીજી સાઇડ ૧૭૫ વર્ષના શતકોત્તર મહોત્સવનો લોગો સાથેનું આકર્ષક સીક્કો ફેમીલી દીઠ ગીફ્ટ આપવામાં આવેલ.

વરિષ્ઠ કમિટીના માર્ગદર્શક તરીકે શ્રી મણીકાંતભાઈ હીરજી ધુલ્લા અને શ્રી ભરતભાઈ મુલજી મૈશેરી એ આખાય મહોત્સવ દરમ્યાનમાં દિલથી પ્રતિક કેટરર્સને સુંદર માર્ગદર્શન આપી આખાય દિવસના જમણવારમાં સુંદર વ્યવસ્થા કરાવીને જુદી જુદી વાનગીઓનો રસથાળ પીરસીને દરેકને ખુશ કરી દીધા હતા.

શ્રી મણીકાંતભાઈ ધુલ્લા ના માર્ગદર્શન હેઠળ યુવા ટીમે સારી જહેમત ઉઠાવી. ભુજથી તા. ૨૧ થી ૨૫ સુધી ત્યાં ભુજની ગાડીની વ્યવસ્થા, નવકારશી, જમવાની વ્યવસ્થા બહુજ સુંદર રીતે સંભાળેલ.

ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા, આવાસ વ્યવસ્થા તથા અન્ય વ્યવસ્થા દરેક ટીમે એ ખૂબજ જહેમત ઉઠાવી સુંદર રીતે કાર્ય પાર પાડેલ.

# પોતાના ચક્ષુથી દિવ્યાંગભાઈને પ્રભુ દર્શન કરાવવાનો લાભ લેનારા લહેરચંદભાઈ લોડાયા

આપણે બધાએ તો જાત્રા કરી જ છે, અને હજી પણ સમય સંજોગો અનુકુળતા માટે ત્યારે જાત્રા જવાનો મનોરથ સતત સેવીએ છીએ. પણ ખરા અર્થની તીર્થ જાત્રા તો લહેરચંદ લોડાયા (ભાંડુપ-બાંડિયા) એ કરી છે. દિવ્યાંગભાઈની સાથે. એમને લઈને દરેક તીર્થ સ્થળે સાથે રહી, સંભાળ લઈને પોતાના ચક્ષુથી એમને પ્રભુદર્શન કરાવે છે. આ કાર્ય બહુ જ અઘરું છે. એમની સાથે ૯૯ યાત્રા પણ કરેલ છે. આ ઋણાનુબંધ સિવાય શક્ય નથી. લહેરચંદભાઈના સેવા સંકલ્પને ભેખને આપણે બિરદાવીએ. પ્રભુ તેમને અનંત અવિરત શક્તિ આપે. આવી ઉત્તમ સેવા કરાવવા માટે નત મસ્તક વંદન.



# માનવ જ્યોત ભુજ દ્વારા કચ્છમાં રસ્તે રઝળતા ૧૬૬૦ લોકોને ઘર પહોંચાડાયા





માનવ જ્યોત ભુજ સંચાલિત રામદેવ સેવાશ્રમ પાલરા દ્વારા કચ્છમાં ઠેરઠેર રસ્તે રઝળતા અને માર્ગમાં ભટકતા, પડ્યા પાથર્યા રહેતા એકલા અટૂલા અને સ્મૃતિ દોષને લીધે વિસ્મૃત થઈ ગયેલા ૧૬૬૦ જેટલા લોકોને અત્યાર સુધી તેમના ઘર સુધી પહોંચાડાયા હતા. આ સૌ લોકોનું તેમના પરિવાર સાથે પાંચ, દસ કે પંદર વીસ વર્ષ પછી મિલન થતાં પરિવારજનો ખુશી લાગણી થઈ હતી અને માનવ જ્યોતની આ માનવતા ભરી સેવાના ગુણગાન ગાયા હતા.

પરિવારથી છુટા પડી ગુમ થયેલા લોકોમાં માનસિક દિવ્યાંગો, વૃધ્ધ વડીલો, બાળકો, યુવતીઓ, મહિલાઓ હતી. જેમને માનવ જ્યોત એ ઘણી જહેમત કરી. થોડા ઘણા મળેલા આધાર, પુરાવા અને સંપર્કના આધારે તેમના મૂળ પરિવારજનોનો પતો મેળવી કોન્ટેક્ટ કરી તેમને સુખરૂપ તેમના ગામ, શહેર હાથો હાથ પહોંચાડી માનવ સેવાનું ઉત્તમ કાર્ય કર્યું હતું. આ કાર્ય દેશના વિવિધ રાજ્યોની પોલીસએ સંસ્થાના આ માનવતા કાર્યમાં સહયોગ આપી સહકારરૂપ થયાં હતા. તે સાથો સાથ કચ્છની પોલીસ પણ ઘર ભૂલેલા લોકોને તેમના પરિવાર સુધી પહોંચડવા મદદરૂપ થયાં હતાં. માનવતા લક્ષી આ સેવા કાર્યમાં પ્રબોધ હીરાચંદ મુનવર, સુરેશ મહેશ્વરી, પૃથ્વીરાજ સિંહ જાડેજા, આનંદ રાય સોની, દીપેશ શાહ, સહદેવ સિંહ જાડેજા, રસિકબાવા, શંભુભાઈ જોષી, કનૈયાલાલ અખોટી, નરશીભાઈ પટેલ અને મૂળજીભાઈ ઠક્કર વિવિધ રીતે સહભાગી થયાં હતાં.

# કેનેડાવાસી કેડીઓ ઉદ્યોગપતિ હેમંત શાહને અખંડ ભારત ગૌરવ એવોર્ડ એનાયત થશે



મુંબઈ ગ્લોબલ એચીવર તરફથી કેનેડાવાસી કચ્છના અગ્રણી વ્યાપારી હેમંત શાહની અખંડ ભારત ગૌરવ એવોર્ડ માટે પસંદગી થઇ છે. કેનેડા-ભારત વચ્ચે વ્યાપાર સંબંધો વિકસાવવામાં મહત્ત્વની ભૂમિકા માટે શાહને આ પુરસ્કાર એનાયત થનાર છે. કેનેડામાં મિસ્ટર ઇન્ડિયાનો ખિતાબ તેમને મળ્યો છે. મૂળ વરાડીયાના હેમંત મૂળજી શાહ-લોડાયા ગુંદરવાળા છેલ્લા પાંચ દાયકાથી કેનેડાના વિનિપેગમાં વસે છે.

મુંબઈ ગ્લોબલ એચીવર છેલ્લા ૨૦-૨૧ વર્ષથી એવોર્ડ સમારોહ યોજે છે અને સામાન્ય રીતે બોલીવૂડ સેલિબ્રિટીને એવોર્ડ આપે છે. આ વખતે ટ્રેડ ક્ષેત્રમાં યોગદાન માટે પ્રથમ વાર એવોર્ડ હેમંત શાહને અપાશે. ગ્લોબલ એચીવરના ચેરમેન રાજકુમાર તિવારી છે. અગાઉ બે એવોર્ડ કાર્યક્રમ દુબઈમાં અને એક થાઇલેન્ડમાં યોજાઈ ચૂક્યો છે. આ વખતે ૧૭મી ફેબ્રુઆરીએ મુક્તિધામ અંધેરી ખાતે યોજાનારો છે.


આ બાબતે શાહે જણાવ્યું કે, આ વખતે બોલીવૂડ સેલિબ્રિટીઝ જેવા કે ઇસ્માઈલ દરબાર, કુમાર શાનુ, સુરેન્દ્રપાલ વગેરેને એવોર્ડ અપાશે. અખંડ ભારત ગૌરવ એવોર્ડ છેલ્લા ૪ વર્ષથી અપાય છે. ટ્રેડ સેકટરમાં પ્રથમવાર મારી પસંદગી થઇ છે.

વધુમાં જણાવ્યું કે, ૧૯૭૩-૭૪માં ભારતમાં ઇમ્પોર્ટ માટે લાયસન્સ લેવું પડતું હતું. તે વખતે પહેલીવાર ભારતમાં એક ઇક્વિપમેન્ટ નિકાસ કર્યું હતું. એ પછી આગળ વધતો ગયો. પછી કેનેડા સરકારનો સહયોગ મળ્યો. છેલ્લા પાંચ દાયકાથી ભારત-કેનેડા ટ્રેડ સાથે સંકળાયેલો છું. ભારત અને કેનેડા વચ્ચે સંબંધો મજબૂત કરવા જરૂર પડી ત્યારે મેં યોગદાન આપ્યું. કેનેડા સરકાર તરફથી એવોર્ડ મળ્યા. ક્વીન એલીઝાબેથ પ્લેટીનમ જ્યુબિલી વખતે મને એવોર્ડ એનાયત થયો હતો. હું મૂળ કચ્છના અબડાસા તાલુકાના વરાડિયા ગામનો રહેવાસી છું. મારા પિતા બાબુ શેઠ ગુંદરવાલા, બનેવી ધનરાજ ઠાકરશીની ટ્રેનિંગ મળી. માતા હીરાબહેનનો અને વડીલોના આશીર્વાદથી આગળ વધ્યો છું. ગુરુદેવ પંડીત મહારાજના સદૈવ આશિષ છે.

બોલીવૂડ સેલિબ્રિટીની સાથે મને એવોર્ડ મળે છે. આ એવોર્ડ મેળવનાર હું પ્રથમ ગુજરાતી કે કચ્છી છું, જેનું મને ગૌરવ છે. અંતમાં યુવાનોને શીખનો સંદેશ આપતાં જણાવ્યું કે, વિદ્યાર્થી કે સાહસિકો કેનેડામાં કેરીઅર બનાવવા ટોરેન્ટો કે વેનકુંવર જેવા મોટા શહેરો પસંદ કરે છે. મેં પૂના જેટલાં નાના શહેર વિનિપેગમાં રહીને કેરીઅર બનાવી છે. એવું નથી કે, મોટા શહેરમાં જ કારકિર્દી ઉજ્જ્વળ બનાવી શકાય છે. આ માટે મારો દાખલો છે. હેમંત શાહના પત્ની હીનાબહેન ૨૮ વર્ષથી વિનિપેગની વિક્ટોરિયા હોસ્પિટલમાં હેલ્થ કેર એઇડ તરીકે સેવા આપે છે. બે પુત્રો હિરેન અને હિતેન પોતાના બિઝનેસ કરે છે.


જૂના અને જાણીતા
અનવર ઢોલી
આપને ત્યાં શુભ પ્રસંગે





દાંડિયા રાસ,
લગ્નગીત, રાસગરબા, ધમાલ,
બાર દાંડિયા, ચાર દાંડિયા
મટુકડી, ઢોલ રાંધ, સામૈયું
9820694055
8169566734
૬૯, જુની માતૃછાયા ૩, ગાળે પટેલ ચોક,
શિવાજી નગર, વાગ્લે એસ્ટેટ, ચેકનાકા, થાણા.

શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઇ

**Shree K.D.O. Students Association**

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત યુવા સંસ્થા




**WHERE EVERY PLAY COUNTS**

## SUNDAY, 25TH FEB 2024 | 7.00 AM ONWARDS

## BS PASI TURF (SHIVAJI TECHNICAL, GHATKOPAR)

### MENS CRICKET

**16-39 Years**
Entry Fee: 3999/- per team
Krish Lodaya +91 8655567555
Preet Lodaya +919664795657

**40+ Years**
Entry Fee: 2999/- per team
Tuhin Gosar +91 8291392024
Bhoumik Mota +91 96991 81966

**15 Years Below**
Entry Fee: 200/- per person
Denil Momaya +91 9769888776
Jainam Dand +91 9167602037

### WOMENS CRICKET

Entry Fee: 1999/- per team
Khushi Dharamshi +91 9372520384
Prachi Mota +91 8104323597

### FOOTBALL

Entry Fee: 1500/- per team
Jimit Momaya +91 9773801208
Hemin Mota +91 7718058972

### VOLLEYBALL

Entry Fee: 1500/- per team
Pooja Lodaya +91 7977884741
Parth Dundh +91 9619382479

### LAGORI

Entry Fee: 200/- per person
Nancie Nagda +91 8291333291
Sania Meisheri +91 8369771584

### CHESS

Entry Fee: 200/- per person
Dolly Mota +91 8652645381
Sanyam Ajani +91 8652236952

### CARROM

Entry Fee: 200/- per person
Khushi khona +91 9136015112
Akshita Mota +91 9920107579

### WOMENS HANDBALL

Entry Fee: 1500/- per team
Prisha Dand +91 8291178762
Preet Nagda +91 9372799441

### BADMINTON

Entry Fee: 200/- per person
Jinal Dharamshi +91 8104610212
Dristi Maisheri +91 9082027351

Follow us on #SHREEKDOVS

# સાંધવ નગરે શ્રી શાંતિનાથ દાદા જિનાલયની ૧૫૮મી વર્ષગાંઠ પ્રસંગે ત્રિદિવસીય મહોત્સવ પ્રસંગે પધારવાનું ભાવભર્યું આમંત્રણ

કચ્છ અબડાસાના સૌભાગ્યવંતી સાંધવ નગર સંઘમાં પ્રગટ પ્રભાવી શ્રી શાંતિનાથ દાદાના જિનાલયની ૧૫૮મી ધ્વજારોહણ વર્ષગાંઠ પ્રસંગે ત્રિદિવસીય મહોત્સવ તા.૧૯ ફેબ્રુઆરી સોમવારથી તા.૨૧ ફેબ્રુઆરી બુધવાર સુધી આયોજન કરાયું છે. જે પ્રસંગે સાંધવવાસીઓ, નિયાણી બહનો, શ્રી સકલ સંઘોને સહપરિવાર પધારવાનું શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સાંધવના પ્રમુખ શામજી નરશી દંડ તરફથી ભાવપૂર્વક આમંત્રણ અપાયું છે. આપની પધરામણી સંઘને આનંદની વધામણી.

મહોત્સવમાં મંગલમયી નિશ્રા પ્રદાન કરશે. સંઘ શાસન કૌશલ્યધાર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિઠાણા, મધુર કંઠી પ.પૂ.મુનિરાજશ્રી મુક્તિ રત્નસાગરજી મ.સા.શુભાશિષ પ્રદાન ૨૩મા વર્ષીતપના તપસ્વીરત્ન સરળ, સ્વભાવી પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. પ્રશમરસ નિધિ આગામાભ્યાસી પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.. પધારનારા શ્રમણીગણ પ.પૂ.સાધ્વીશ્રી મહોદયશ્રીજી મ.સા.આદિ ઠાણા ૭, પ.પૂ.સાધ્વીશ્રી નમ્રગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨, પ.પૂ.આ.શ્રી ભાવગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૬ તથા અન્ય શ્રમણ શ્રમણી ભગવંતો અનુકુળતાએ પધારશે.

પ્રથમ દિવસ તા.૧૯ ફેબ્રુઆરી સોમવાર સવારે ૯ કલાકે દેરાસરજીમાં તોરણ બંધન, સવારે ૯.૩૦ કલાકે જિનવાણી, સાંધવ સંઘના ઉપકારી તપસ્વીરત્ન પ.પૂ.મુનિરાજ શ્રી કંચન સાગરજી મ.સા.ની પાવન સ્મૃતિમાં બપોરે ૧.૩૦ કલાકે અજિત શાંતિ મહાજપૂજન, લાભાર્થી પરિવાર માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ પરિવાર. રાત્રે મહાકાલિ માતાજીની ભાવના અને પ્રભુજીની ભક્તિ ભાવના. આખા દિવસની સાધર્મિક ભક્તિ. પ્રભુજીની ભવ્ય અંગરચના.

દ્વિતીય દિવસ તા.૨૦ ફેબ્રુઆરી મંગળવાર બપોરે ૧૨.૩૦ કલાકે શ્રી મહાકાલિ માતાજીની પૂજન, હવન, લાભાર્થી પરિવાર માતુશ્રી મણિબાઈ કુંવરજી ખીમજી મોતા પરિવાર ડોંબિવલી રાત્રે ભક્તિ ભાવના અને સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિનો લાભ, પ્રભુજીની ભવ્ય અંગ રચના માતુશ્રી જેઠીબાઈ કેશવજી ધરમશી, સુથરી-લોકાપુર.

ત્રિદિવસીય દિવસ તા.૨૧ ફેબ્રુઆરી બુધવાર સવારે ૯.૦૦ કલાકે શ્રી સત્તરભેદી પૂજા, ધ્વજા રોહણ મંગળ સવારના ૧૧.૩૯ કલાકે, શ્રી સત્તરભેદી પૂજા, આખા દિવસની સાધર્મિક ભક્તિનો લાભ, પ્રભુજીની ભવ્ય અંગરચનાનો લાભ શ્રી સાંધવ જૈન સંઘ, ત્રિદિવસીય મહોત્સવમાં જીવદયા શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ. ધ્વજાના ચડાવાના લાભાર્થી પરિવાર આણંદજી હીરજી ખોના પરિવાર અને પદમશી કલ્યાણજી ખોના પરિવાર વિધિકાર કેવલભાઈ સાવલા મુંબઈ.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

## 80G સર્ટિફીકેટ
## C.S.R.
CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO SANJIVANI

KDO दिव्यांग

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# પ.પૂ.સાધ્વીશ્રી વ્રતકિરણાશ્રીજી મ.સા.એ સંયમ જીવનના ૨૦મા વર્ષમાં પ્રવેશ કર્યો




વિક્રમ સંવત ૨૦૬૧ મહાસુદ ૨ તિથિ દિને ભરૂડિયાના માવિત્ર ટીનાબેન અનિલ ધરમશીના ધર્મ સંસ્કારી પુત્રી મુંબઈ જોગેશ્વરી નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદય સાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા સ્વીકારી ગુરૂ પ.પૂ. સાધ્વીશ્રી દેવરક્ષિતાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન ઓળખ પ.પૂ.સાધ્વીશ્રી વ્રતકિરણાશ્રીજી મ.સા. નામે સંયમ જીવનનો પ્રવાસ પ્રારંભ કર્યો.

ધર્મ, તપ, ત્યાગ, આરાધના ભક્તિ કરતા આજે વિક્રમ સંવત ૨૦૮૦ના રોજે મહાસુદ ૨ તિથિ દિને સંયમ જીવનના ૧૯ વર્ષ પૂરિપૂર્ણ કરી ૨૦મા વર્ષમાં પ્રવેશ કર્યો. આ મંગલ ક્ષણે સૌ ગુરૂ ભક્તોની કામના, ભાવના છે કે પૂજ્ય સાહેબ આજ રીતે અવિરત આગળ વધતાં રજત સુવર્ણ, હીરકને અમૃત વર્ષથી ઉપર શતક શિખરે બિરાજમાન થાય. એ સદ ઈચ્છા સાથે સાહેબને શત શત વંદના.


# ભાવભીની શ્રદ્ધાંજલિ



**હિરાબેન શિયાલ**
તા.૪ ફેબ્રુઆરી (ઉ.૮૬)
જખૌ-રાયપુર



**દિપકભાઈ લોડાયા**
તા.૪ ફેબ્રુઆરી (ઉ.૫૪)
મોટી ખાવડી-મુલુંડ



**લક્ષ્મીબાઈ ધરમશી**
તા.૫ ફેબ્રુઆરી (ઉ.૯૮)
સુથરી-ધુલીયા



**કવિતાબેન ઘાંચી**
તા.૬ ફેબ્રુઆરી (ઉ.૫૪)
ઘાટકોપર
ગં.સ્વ.ચંદનબેન સોમચંદ દંડની દિકરી





**ગુલાબભાઈ મોતા**
તા.૮ ફેબ્રુઆરી (ઉ.૬૫)
રાપરગઢવારી-હૈદરાબાદ



**દમયંતીબેન ડાઘા**
તા.૯ ફેબ્રુઆરી (ઉ.૮૦)
ગોએરસમા-જયપુર



**કુસુમબેન ધમરશી**
તા.૯ ફેબ્રુઆરી (ઉ.૮૩)
જખૌ-મુલુંડ



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● અબડાસા તાલુકાનું તેરા ગામ ૪૫૦ વર્ષ પહેલા બાવન ગામની જાગીર ધરાવતું ગામ હતું. આ ગામ ઘણા ધાર્મિક અને ઐતિહાસિક સ્થળો માટે જાણીતું છે. અબડાસા મોટી પંચતીર્થી પૈકીનું તેરા તીર્થ જ્યાં જીરાવલ્લા પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાના દર્શન થાય છે. આ ઉપરાંત ૨૦ જેટલા ધર્મ સ્થાનકો આવેલા છે. સરકાર દ્વારા હેરિટેજ વિલેજ સાંસ્કૃતિક વારસો ધરાવતું ગામ જાહેર થયું છે. ગામના ત્રણ તળાવ જે એકબીજા સાથે સંકળાયેલા હોવાથી પાણીનો સંગ્રહ ઘણા સમય સુધી રહે તેવી સુવ્યવસ્થિત રચના કરાઈ છે. આંગળીના ટેરવે બંધાતી બાંધણી–હસ્તકળા ખૂબજ પ્રખ્યાત છે. જે ૪૦૦ થી વધારે લોકોને રોજગારી પૂરી પાડે છે. તેરા ગામમાં સ્ટીમ પ્રીન્ટનું કામ લાજવાબ થાય છે. ફિલ્મ સ્ટાર અભિષેક અભિનિત તેની પ્રથમ ફિલ્મ રેફ્યુજીનું મોટા ભાગનું શુટિંગ અહીં જ થયું હતું. આ ફિલ્મમાં દરબાર ગઢ, ઐતિહાસિક તળાવો તેમજ સેલોર વાવનું ચિત્રિકરણ થયું છે.

● મૂળ લખપત તાલુકાના દયાપરના હાલે વડોદરા રહેતા મધ્યમ ઝડપી બોલર રાજ લીંબાણીએ અંડર ૧૯ એશિયા કપમાં કાંડાના કૌવતથી કમાલ કરી નેપાળ સામેની મેચમાં ૧૪ દડામાં સાત વિકેટ ખેરવીને ઈતિહાસ રચ્યો હતો. દયાપરમાં રહેતા પિતા વસંતભાઈ પટેલ અને માતા સાવિત્રીબેનના ઘરે જન્મેલા રાજને નાનપણથી ક્રિકેટનો શોખ હોવાથી કાકા મણિભાઈને ત્યાં વડોદરા રહેતો હતો. તે ૧૩૦ થી ૧૪૦ ની ઝડપે બોલિંગ કરી શકે છે. તે ડાબોડી બેટધર છે અને ભારતની સિનિયર ટીમ વતી રમવાની મહેચ્છા ધરાવે છે. એશિયા કપમાં શાનદાર પ્રદર્શન બાદ અંડર ૧૯ વિશ્વ કપની ટીમમાં તેની પસંદગી કરાઈ છે. આ ટૂર્નામેન્ટમાં વર્ષ ૨૦૦૦, ૨૦૦૮, ૨૦૧૨, ૨૦૧૮ અને ૨૦૨૨માં સર્વાધિક પાંચ વખત ઈન્ડિયા ટીમ ચેમ્પિયન બની છે.

● ઊર્જા ક્ષેત્રે છેલ્લા દાયકામાં જબરજસ્ત બદલાવ આવ્યો છે. પવન ચક્કીથી માંડી સૌર વીજળી પેદા કરવા ઝૂંબેશ ચાલે છે. ઊર્જા બચાવવા સતત પ્રયાસ કરવામાં આવે છે. કચ્છમાં પેદા થતી વીજળી દેશના ૧૦ જેટલા મોટા રાજ્યો દિલ્હી, રાજસ્થાન, હરિયાણા, મહારાષ્ટ્રમાં પહોંચતી થઈ છે. કચ્છના રણમાં મહાકાય સૌર ઊર્જા પાર્કનું નિર્માણ થઈ રહ્યું છે. જે એશિયાનો મોટો સોલાર પાર્ક બની રહેશે. આવનાર દિવસોમાં અત્રે ૩૦ હજાર મેગાવોટ વીજળી પેદા થશે એટલે કચ્છને ૩૦ વર્ષ ચાલી શકે એટલો વીજ પુરવઠો દર રોજ કચ્છની ધરતી પર પેદા થશે. તે ઉપરાંત ઘરની છત ઉપર નાના એકમના રૂફટોપ હવે અનેક સ્થળે જોવા મળી રહે છે. જે ઘરમાં વીજળીની ખપત પૂરી કરી બાકીની ઊર્જાનું વેંચાણ થતાં કમાણી થાય છે.

● ભારતના પૂર્વાંચલમાં લોકોની ગરીબીનો લાભ લઈ ધર્મ પરિવર્તન દ્વારા વટાળ પ્રવૃત્તિ મોટા પાયે ચલાવાતી હોય છે. અત્રેના લોકોને શિક્ષણના માધ્યમથી સાક્ષર બનાવવા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ નેતૃત્વ લઈ રહ્યું છે એના માધ્યમે ભુજના અગ્રણી ગોપાલભાઈ માવજી ગોરસિયા અને તેમના બંધુ ગોવિંદજીભાઈ ગોરસિયાએ ત્રિપુરાના વનવાસી મૂળ હિંદુઓ માટે આનંદ બજાર કંચનપુર દૂર વતી જંગલ વિસ્તારમાં છાત્રાલય બનાવી આપ્યું છે.

● હીરા નગરી તરીકેની ઓળખ ધરાવતા સુરતમાં વિશ્વની સૌથી મોટી એવી સુરત ડાયમંડ બુર્સનું લોકાર્પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરાયું. કચ્છ માટે ગૌરવ લેવા જેવી બાબત એ છે કે આ ડાયમંડ બુર્સના નિર્માણમાં મૂળ કચ્છના એન્જિનિયર નખત્રાણા તાલુકાના ભારાપર ગામના વતની મહેશ ગઢવીએ સુરત ડાયમંડ બુર્સના સી.ઈ.ઓ.તરીકે ફરજ બજાવે છે. ઉદ્‌ઘાટન ટાણે મોદીને આખા નિર્માણ કાર્ય અંગે તેમણે વાકેફ કર્યા હતા. સમગ્ર બિલ્ડીંગની આર્કિટેક્ચર, સ્ટ્રકચર અને વિશેષ સુવિધાઓ વડાપ્રધાનને સમજાવી હતી. પંચતત્વ થીમ પરના બિલ્ડીંગના લેન્ડ સ્કેપ અને ડિઝાઈનમાં કાર્યાત્મક કાર્યક્ષમતા જાણી વડાપ્રધાન ખુશ થયા હતા.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA